ભક્ત શિરોમણી.

શ્રી મહારાજા લાલાજી વીશ્નુ રામ સ્વધામ પધાર્યા તેના મહોચ્છવ વીશે.

સરવે હરીભકતોને માટે.

મુ. કનીજ.

રચનાર.

સુકલ. છગનલાલ ઉત્તમરામ.

દોહરો.

ગામ કનીજ શોહામણું શોભા અપરંપાર;
ભરણ નાથ શંકર વાળી વશીઆ તેણે ઠાર.

અમદાવાદ.

મામાની હવેલી મધ્યે અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

કીંમત રૂ૦—૧—૦

જાહેર ખબર.

સર્વે સોપીલા પરમ વૈષ્ણવ હરિભક્તોને વીનંતી
કરવાની કે મેં એક હરીની કૃપાવડે મારી બુદ્ધિના
અનુસારે ભજનદીપક પેહેલો ભાગ નામનું પુસ્તક બ-
નાવ્યું છે. આ પુસ્તક થોડા દીવસમાં છપાવી બાહાર
પાડવાનો વિચાર છે તેની કીંમત તેના કદના તથા
પુઠાની મજબુતાઇના તથા કાગળના પ્રમાણમાં વ-
ણીજ જુજ છે એટલે કીમત રૂ. ૦—૩—૦ લેવામાં
આવશે. સદર પુસ્તક બીજા પુસ્તકોની મા-
ફક રોજગાર તરીકે કરીને છપાવ્યુ નથી કેવ-
ળ હરીભકત વૈષ્ણવોને માટે છપાવવાની ઇચ્છા
છે આ રમુજ લાયક પુસ્તક જુજ કીમતમાં ફરી ફરી
મળનાર નથી આવી આવેલી તક ખોસો નહીં એ-
કદમ ગ્રાહક થનારને સેંકડે વીસ ટકા પ્રમાણે એલા-
ન્સ આપવામાં આવશે. દશ ચોપડી લેનારને એક
ચોપડી મફત આપવામાં આવશે.

સુકલ. છગનલાલ ઊત્તમરામ.

રે. કનીજ તા. મેમદાવાદ.

૫૬૦૯

મહારાજ લાલાજી વીશનુંરામ સ્વધામ પધાર્યા.

રાગ પરજ.

ગુરૂ વશ્યા ગૌ લોકમાં.
ગુરૂ વશ્યા ગૌ લોકમાંરે, આપી શેવકને સુખ રે;
ગ્રાંવધીની ટાળી વાસના હારે, ખોયુ ચોરાશીનું દુખરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ટેક.
ગામ કનીજના સદ્દગુરૂરે, જ્ઞાતી વીપ્ર દેશાવાળરે;
કુંમ કુંમ લોળ જેની દેહડી, ઘણી વાણી રસાળરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧
ધન ધન સુત છોટાલજીરે, ધન પુત્રી વધુ સાર રે;
હાથવાળો નહી છાતીયે, આંખે આંસુ ન લગારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૨
લીંટ ને લાળ નાંખી નથીરે, કીધો ઓછવ અપારરે;
ગુલાલની ગડદી થઈ, રવી ઢંકાયો સારરે.
ગુરૂ વશ્યારે ગૌ લોકમાં. ૩
રાધે રાધે નર નારીઓરે, મુખે કરતાં ઉચ્ચાર રે;
પુર તે પુન્ય જેનું હશે, નીરખા નરાણેથી સારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૪

જીવ મટીને શીવ રૂપનેરે, પામ્યા ભક્તિના મતાપરે,
ચેતન મળીને ભળ્યું બ્રંમમાં, ટાળ્યા સરવે સંતાપરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૫
ગુજર દેશની ગાદીએરે, કીધો જય જયકારરે.
ભુતળ ભક્તિ વધારવા, હરી અંશી અવતારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૬
હરીજન સરવે ભેળા થઇરે, કર્યો મનમાં વીચારરે;
સોચ કરે શું નીપજે, રામ રાધે ઉચ્ચારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૭
ગામ સરવે ઉલટયુંરે, હાટે પાડી હડતાળરે;
ભજન કરે મન ભાવતાં, હાથે ગૃહી કરતાળરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૮
સુખપાલ રચી અતીશોભતીરે,ઉપર જરીયાંની સાલરે;
મશાલો કરી ઘણી ઘી તણી, વરસે પુષ્પ અપારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૯
પૈસાને વળી ધાન્યનીરે, વૃષ્ટી ઉપરથી થાયરે;
પાછળથી મળી નારીઓ, ગીત મધુરાં સૌ ગાયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૦
ઢોલક કાંશીની ઝડી મચીરે, કશું નવ સંભળાયરે,

હરીજન આગળ ચાલતા, અંગે આનંદ માયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૧
ત્રાંબા કેરી લીધી તોલડીરે, આવ્યા શમશાન દ્વારરે;
ચંદન કેરી ચીતા રચી, પધરાવ્યા તે મોઝારરે.
ગુરૂ વશ્યારે ગૌ લોકમાં. ૧૨
અગ્ની મુકયો જેણે સમેરે, થયું કઉતક સારરે.
કપુરની માફક દેહડી, થઈ છે ભસ્માકારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૩
કનકપુરી ભઇ તે સમેરે, થઇ વૃજના સમાનરે;
મેષત્રો તો જાણે જુમનાં, સારૂં શોભ્યું શ્મશાનરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૪
શેવક સૌને શીખ આપતારે, ભાઇ જાવું જરૂરરે;
એક દીન ઉઠીને ચાલવું, જેવું સરીતાનુ પુરરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૫
સાંજ પડે પંક્ષી એકઠાંરે, જેવાં વૃક્ષને ભરાયરે;
સૂર્ય ઉગે ઉડી ચાલીયાં, દેશવીદેશે જાયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૬
નારી પુત્રને ધણી સાહ્યબીરે, મુકી જાવું જરૂરરે;

રામનામ પુન્ય સંગ આવશે, થાશે આગળ હજુરરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૭
શીક્ષા માનજો એ માહરીરે, થાશે તમારૂં કલ્યાંણુરે;
ચોરી હુવેરી દારૂ તજો, માંસ નીંદા પરમાણુ રે.
ગુરૂ પધાર્યા ગૌ લોકમાં. ૧૮
એવા ગુરૂ આ સંસારમાંરે, ન મળે સોધંતાં સારરે;
વચનામૃત પાઇ જીવને, અભયને કરનારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૧૯
હાથે કરીને દાન આપીયાંરે, ગોવસ્ત્ર છત્ર સારરે;
ભોમી કનકને કાંશા તણાં, વીપ્ર બોલાવી અપારરે.
ગુરૂ વશ્યા ગૌલોકમાં. ૨૦
ગુરૂ મંડળીમાં મહાલતારે, જેમ તારામાં ચંદરે;
સેવક ચાતુંક ચીત પ્રોવીને, ઘણું પાંમતા આનંદરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૨૧
બોધ કરે બહુ બહુ વીધીરે, જેથી શંષય જાયરે;
વાસના ટળે સંસારની, પનીત પાવન થાયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૨૨
પારશ્વદ આવ્યા પ્રભુ તણારે, લેઈ પુષ વૈમાનરે;

બેઠા તેમાં સૌ દેખતાં સ્વધામ જવાનુ તાંનરે.
ગુરૂ વરયા ગૌ લોકમાં. ૨૩
મેઘે આડંબર ઢાંકીયું, દીવસ નહીં શુનકારરે;
આનંદનો સાગર ઉછળ્યો, થાય જય જયકારરે.
ગુરૂ વરયા ગૌ લોકમાં. ૨૪
ચાર વેદનો સાર જાંણતારે વળી પુરાણ અઢારરે;
ગીતા સમીતાને સોધતા; રામ નામ રસ ધારરે.
ગુરૂ વરયા ગૌ લોકમાં. ૨૫
ગામ ગામ મંડળી લેઈનેરે, જાતા સેવકોને ઘેરરે;
હરીરસ પાતા હેતથી, થાતી આનંદની લહેરરે.
ગુરૂ વરયા ગૌ લોકમાં. ૨૬
શમજ્યો હશે જે શાંનમાંરે, રાખી વચને વીસવાસરે;
પુરાણ પુન્ય તેનું જાણજો, થાસે વેકુંઠ વાસરે.
ગુરૂ વરયા ગૌ લોકમાં. ૨૭
પારસ રૂપે હતા પ્રાંતમાંરે, અધમ તારવા અવતારરે;
સરીતા સાગરમાં મળી ગઈ, ન મળે સાંધતા સારરે.
ગુરૂ વરયા ગૌ લોકમાં. ૨૮
સંવત ઓગણીની ઉપરેરે, વળી પચાસની સાલરે;

વરસ છોતેર પુરાં થતાં, માસ ત્રણ રસાળરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૨૯
પોસ સુદી એકાદશીરે, વાર છે બુધ આજરે;
ગાયોના ગાળારે છુટતાં, મોક્ષ પામ્યા મહારાજરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૦
પ્રભુતા જોજો પંડ્યા તણીરે, વાડી પોતાની જ્યાંયરે;
લીમડા તળે નીત્ય બેશતા, મીઠું ડાળ થયું ત્યાંયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૧
વીષ્ણુ જગન કર્યો હેતથીરે, વીપ્ર તેડી અપારરે;
કાશી કન્યાળી ક્ષેત્રથી દ્વીજ આવ્યા તે ઠારરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૨
સ્વાહાકાર સ્વધાકારની, ધુની ગગનમાં થાયરે;
ઉંચા હાથ કરી વેદીઆ, વેદ ભણતા સૌ જાયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૩
જગદીશની જાત્રા કરીરે, આવ્યા રામેશ્વર જ્યાંયરે.
દરશન કરી જ્યોતી રૂપનાં, કાશી વાસ કર્યો ત્યાંયરે.
ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૪
ગયા પ્રયાગને ગોમતીરે, અયોદ્ધા વૈજનાથરે;

ગોકુળ મથુરાંને દ્વારકાં, શ્રીજી ગયા દીનાનાથરે.

ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૫

તીરથ કેવાયે જેટલાંરે, તેમાં બદરી પતી બાદરે;

દ્રવ્ય વાપરતાં ડર્યા નહીં, વરખ્યો વરસાદરે.

ગુરૂ વશ્યા લોકમાં. ૩૬

દાસ છગન કહે પ્રેમથીરે, પુરે સરવેના કોડરે;

એકવાર સરવે બોલજો, જે જે શ્રી રણછોડરે.

ગુરૂ વશ્યા ગૌ લોકમાં. ૩૭

રાગ સાંમેરી.

સજન સાંભળજોરે મ્હારી એક વીનતીરે.

હાવે મુને ભાશ્યું એમ જરાર,

રહેવું નથી મારેરે આરે સંસારમાંરે;

સ્વધામ જાવું નકી નીરધાર. સજન. ૧

ખેલવા આવ્યા તારે સહીયેરના સાથમાંરે.

રમી જમી સાસરીઆંનીરે સંગ,

હળી મળી ચાલ્યાંરે સૌ સંસારમાં;

લાગ્યો મુને રંગીલાશું રે રંગ. સજન. ૨

આનંદને પામીરે સખી હુતો સાસરેરે.

દેવા મારા સમરથ શ્રી હરી સાર,

વાસનાને ટાળીરે, વીષયને બાળીનેરે;
હાવે મારે નથી લેવો અવતાર. સજન. ૩
સંવત ઓગણીસરે પચાસની સાલમાંરે.
રવી થાશે ઉતરાયણનારે સારરે,
પોસને સુદીરે એકાદશી આવશેરે;
નક્ષત્ર ક્રતીકાને બુધવાર. સજન. ૪
પહોર દીન ચઢતાંરે વૈમાન આવશેરે.
તેમાં બેશી જઇશું અમો નીજ ધામ,
પુત્રને પુત્રીઓરે સવક રડશો નહીંરે;
કરજો હરી ભજનનું ભાઇ કામ. સજન. ૫
ગાજંતા વાજંતારે હરીજન ચાલજોરે.
પાછળથી માનુની મંગળ ગાય,
એવી રીતે કરજોરે સજન માહારારે;
છેલ્લી મારીએજ ભલામણ કહેવાય. સજન. ૬
પારસ્વદ પ્રભુનારે આવશે તેડવારે.
તેની સાથે જઇશું તે વૈકુંઠ ધામ,
રાધાવલ્લભ કહેજોરે હરીજન સર્વેનેરે;
જેને મુખે હોય તે રામનું નામ. સજન. ૭
એવીને રીતેરે કહેતા હતા જયાહારે રે.

બેઠો હતો હું પણ તેમની પાસ,
છગન કહેછેર એ સૌ સાચું થયુંર;
આજ નીશ્ચે કીધો તે વૈકુંઠવાસ. સજન. ૮

રાધા વલવજીની લાવણી.

ધન રાધાવલ્લવ લાલ, હું તો નીરખી થયો ન્યાલ;
જોવા જેવો છે ખ્યાલ, જાઉ બલીહારી જાઉ બલીહારી.
છે ચાંદીનુ શીંગાશન, જોતાં માને ઘણુ મન,
ઉપર પંખા પાવંન, શોભા સારી, શોભા સારી.
ધન રાધાવલ્લ. ટેક. ૧
સ્થંભ ચાંદીના ચાર, ઉપર પુતળીઓની હાર,
કરે ચુનીઓ ચળકાર જોતાં ચીત ચટકે. જોતાં.
પાછળ છાટ જડીછે તેવી, તેમાં વેલી જોવા જેવી;
મધ્યે પરીઓ છે એવી, વચે છતર લટકે. વચે.
ધન રાધાવલવ. ૨
મધ્યે ઉભા કુંજ બીહારી, શંગે પ્રભુ માન દુલારી;
વારે વારે જાઉં વારી, જોતાં મન માને. જોતાં.
શોભે મુગટ માથે, વેઢ વીંટી પાંચી હાથે;
ગ્રહી બંસી દીનાનાથે, કુંડળ લળકે કાને. કુંડળ.
ધન રાધાવલ્લવ. ૩

કંઠે સોનાનો દોરો, કેડે શોભે કંદોરો;
શીર ફુલાંનો તોરો, ફરતા ગુઘરા ગાજે. ફરતાં.
તીલક જોઇ મન લોભે, મુખ ઉપફીરો શોભે;
દીપે દીન કર થોભે, પાયે ગુઘરા ગાજે. પાયે.
ધન રાધાવલ્લવ. ૪

ગાદી તકીઆ જરીયાંની, શીંગાસનમાં પેટી છીની;
નકી જોજો નીશાની, વાઘા વસ્ત્ર મુકે. વાઘા.
સુખ શજ્યા છે સારી, ડાબે હાથે એક બહારી;
રસોઇ ત્યાં કરૂ ભંડારી, ટેમ કદી ન ચુકે. ટેમ.
ધન રાધાવલ્લવ. ૫

અતી શોભીતું છે દ્વાર, ઉપર મુક્યું ઘડીયાળ;
તેપર તકતાની હાર, તેમાં ગયા બે ફુટી. તેમાં.
હુંતો જોવા ગયો અંદર, ઘણું રૂપાળુ છે મંદીર;
પુરા થાંભલા છે પંદર, રહ્યા ફુઆરો છુટી. રહ્યા.
ધન રાધાવલ્લવ. ૬

સમે સમે દરશન થાય, નરનારી સર્વે જાય;
ભજન ભાવેથી થાય, પાડે હાથે તાળી. પાડે.
શોભા જોવા જેવી હુઇ, અંદર ચોકમાં છે કુઇ;

મેડે સરવે જાયે સુઇ, નકી જોજો ન્યાળી. નકી.
ધન રાધાવલ્લવ. ૭

જાતાં મંદીરમાં પેહેલું ડાબે હાથે એક ડેલું;
તેનુ સરવે કામ શેલુ, ઘોડી બેસ ગૌ બાંધે. ઘોડી.
ગોકળ આઠમ કહેવાય, પ્રભુ ઝીલવાને જાય;
ભીડ વરઘોડામાં થાય, લેછે પાલખી ખાંધે. લેછે.
ધન રાધાવલ્લવ. ૮

ત્યાં આગળ ઓછવ થાય, નારી ગીત મધુરાં ગાય;
ચમર બે પાસે ઢોળાય, થાય આનંદ હેલી. થાય.
પધરામણી ઘેરાઘર, હરીજન કરેછે લેહેર;
ભાગોળે બનેછે શેહેર, નારી થાયે ઘેલી. નારી.
ધન રાધાવલવ. ૯

નોબત તાંસાની ગાજે, વાજાં છત્રીસ વાજે;
ડંકો અશ્વે બીરાજે, બહુ ચળકે નીશાન. બહુ.
ઝાંઝ વાગે ઝણકાર, છડીદાર કરે પોકાર;
ખમા ખમા વારંવાર, મુકી પોતાનુ માન. મુકી.
ધન રાધાવલ્લવ. ૧૦

ગામો ગામના બહુ લોક, મળી આવે થોકાથોક;
કરી દરશન ખુયે શોક, ઘણું રાજી થાયે. ઘણું.

ખાયે ખુબ ખાનપાન, બહુ બને ગુલતાન.
મુકી પોતાનુ ભાન, કુદી કુદીને ગાયે. કુદી.
ધન રાધાવલ્લવ. ૧૧
મ્હોં ભારે ભરાય જઇ મેશ્વામાં નહાય;
પછી વરઘોડામાં જાય કરી સારી અરચા० કરી.
ઠાકોર મંદીર પધારે, જાય ભાગોળે સૌ ત્યારે;
સાખી શેલ ઘણી મારે, લોક કરે ચરચા. લોક.
ધન રાધાવલ્લવ. ૧૨
એ છે જોવા જેવુ ધામ, બહુ સેવકોનાં ગામ;
આવે સમૈયે તમામ, લાવે રાસધારી. લાવે.
લીલા કરેછે અપાર, ખુશી થાયે નરનાર;
વ્રંદાવન જેવો ઠાર, વારેવાર વારી. વારે.
ધન રાધાવલ્લવ. ૧૩
એછે પંચાજીની ગાદી, ભાઇયો જાણજો અનાદી;
નથી મીથ્યાએ વાદી, શ્રી હેત હરીબંસ. શ્રી.
એમનું લાલાજી છે નામ, કરે પરમારથ કામ;
વીષ્ણુયાગ કર્યો એ ઠામ, નકી ઇશવરી અંશ. નકી.
ધન રાધાવલ્લવ. ૧૪
ચીરંજીવી છોટાલાલ, દીર્ઘ શોભીતું છે ભાળ;

ધણી વાણી રસાળ; જોતાં મન માને. જોતાં.
સમ દ્રષ્ટી જેનું ચીત, પ્રભુમાં બંધાણી પ્રીત;
રૂડી વરતે છે રીત, નીંદા શુણે ના કાને. નીંદા.
ધન રાધાવલ્લવ. ૧૫
આમ કનીજ કેહેવાય, કૃપા કરજો વૈકુંઠરાય;
જેથી સૌજન સુખી થાય, પુત્ર ફળને પામે. પુત્ર.
કેહેછે છગન ઉત્તમરામ, મુળ ગામમાં મુકામ;
ભજો ભાવે ઘનશામ, સર્વ વેદના વામે. સર્વે.
ધન રાધાવલ્લવ. ૧૬

ગરબી. અલબેલીરે અંબેમાત જોવાને જઇએ એ રાગ.
બલીહારીરે ગુરૂ મહારાજ, તમપર જાઉંવારી;
કર્યો જશ જુગમાં વીસ્તાર, શેવકને સુખકારી. ટેક.
સુખ આપ્યું સેવક સજનને, ગૌ બ્રાહ્મણ પ્રતીપાળરે;
પારસ પરસે લોહને; ટળે કુધાતુત્તતકાળ. તમપર જા. ૧
જશ વીસ્તાર્યો જગત કરીને, તીર્થો રટણ બે વારરે;
હદવાળી હું શું વરણવું, કેહેતાં ના આવે પાર. તમ. ૨
હરી સમરણમાં સુરાપુરા, ક્ષણ એકે ના ચુકેરે;
હરે ફરે પણ ચીત હરી ચરણે, માળા કરથી ન મુકે. ત. ૩

અમીત સરખાં નેત્ર રશીલાં, વાણી રસીક રસાળ;
ભાલ મધે ભાલા તીલક, અધર રકત પ્રવાળ. તમે. ૪
ધન ધનરે એ ગુરૂજી મારા, ભલુ જણાવ્યું ભવીષરે;
સ્વજનને સુચના બતાવી, આગળથી દીન વીસ. તમ.૫
તમ સરીખા આ વીશ્વ સકળમાં હસેજ વીરલા કોઇરે;
લાલાજી મુખ નામજ લેતાં, પ્રાયશ્ચિત જાયે ધોઇ. ત. ૬
સંવત ૧૯૫૦ સુદી પોસ એકાદશી સાજરે;
પહોર દીન બુધવારે ચઢતાં મોક્ષ પાંમ્યા મહારાજ. ૭
દાસ છગન કહે હેત ધરીને, ગુરૂ તણા જશ ગવાશેરે;
પાપ મુકત થઇને તે પ્રાણી, નીશ્ચે વૈકુંઠ જાશે. ત. ૮

સુચના.

મહારાજશ્રીલાલજીને પોતાના પુત્ર તથા પુત્રીઓ તથા સેવકોને બોલાવીને કહ્યું કે મારો દેહ હાવે રહેવાનો નથી એમ મને નીશ્ચે થયો છે માટે પોસ સુદી ૧૧ ને દીવસે સ્વધામ જવાનુ છે માટે તમો કોઇ કલેશ કરશો નહીં સર્વે પરમાત્માનું સ્મરણ કરજો ને જે સંભારે તેને મારા જે રાધાવલ્લભ કહેજો આવી વાત વીસ દીવસ અગાઉથી કહ્યું હતું.